

# મને લૂંટ

અનન્ય સ્મરણ, સાન્નિધ્ય, સત્સંગ કે મિલનની અભીપ્સા પછી તે શ્રધ્ધાપૂર્વકનાં હોય કે કોઈ ખોટા કામની ઈચ્છા હોય, પણ ઈશ્વરનાં દર્શન થાય છે ત્યારે આનંદ-આશ્ચર્યનો પાર નથી રહેતો. સાધુ-સંતોની કથામાં, પ્રવચનમાં લાખોની ભીડ એકત્ર થાય છે ત્યારે તેમાંથી સાર ગ્રહણ કરીને જીવનપથમાં ડગલાં ભરાય તો જીવન ઉજ્જવળ થાય છે એટલું જ નહીં તેનાં દર્શન પણ થાય છે અને તે અનુભૂતિનો વિષય છે. ખોટા કાર્યની ભાવનાથી પણ અંતે ઈશ્વરનાં કેવાં દર્શન થાય છે તેનો એક અલૌકિક પ્રસંગ અત્રે પ્રસ્તુત કરું છું.

એક ગામમાં વનમાળીદાસ નામના એક સંત ભાગવતની કથા કરી રહ્યા હતા. પાસેથી એક ચોર પસાર થઈ રહ્યો હતો. લોકોની ભીડ જોઈ ચોરી કરવાના આશયથી લોકોની વચમાં જઈને બેસી ગયો હતો. વનમાળીદાસ બાંકેબિહારીના સ્વરૂપની, તેણે કરેલા શણગારની વાત કરી રહ્યા હતા. ચોરને તેમની વાતમાં રસ પડયો કે આ મહાત્મા જે કહે છે તેને જ લૂંટી લેવો, જેથી અન્યત્ર ક્યાંય પણ ચોરી માટે ભટકવાની જરૂર નહીં પડે. આથી તે ભીડ દૂર થવાની પ્રતીક્ષા કરી રહ્યો હતો. સમય થયો એટલે કથાને વિરામ અપાયો ને લોકો વિખેરાઈ ગયાં હતાં. વનમાળીદાસ પણ પ્રસ્થાન કરી રહ્યા હતા. એટલે પેલો ચોર સામે જઈને, ચપ્પુ, ધરીને ઊભો રહી ગયો. મહાત્માને કહ્યું: ''એ મહાત્મા, તમે જે બાંકેબિહારીની વાત કરી રહ્યા હતા તે કોણ છે અને ક્યાં રહે છે, મને એનું સરનામું આપો.'' વનમાળીદાસે કહ્યું: ''એ વૃંદાવન ધામમાં રહે છે.'' ચોરે ફરી પૂછ્યું: ''પણ વૃંદાવન ધામમાં ક્યાં રહે છે તે તો કહો.'' વનમાળીદાસે કહ્યું ''ભાઈ, તું વૃંદાવન ધામ જઈને કોઈને પણ પૂછશે તો તને બાંકેબિહારીનું સરનામું આપશે.'' આમ કહી વનમાળીદાસ ચાલવા લાગ્યા. ચોરે વૃંદાવનની વાટ પકડી.

વૃંદાવન પહોંચીને ચોરે એક જણને પૂછ્યું. ''ભાઈ, બાંકેબિહારી ક્યાં રહે છે?'' તે સજ્જને બાંકેબિહારીના મંદિરની વાટ બતાવી. ચોર બાંકેબિહારીના મંદિરે પહોંચ્યો. બાંકેબિહારીનાં દર્શન કરી તે ખુશ થઈ ગયો. તેણે વિચાર્યું '' આ તો સરસ મોકો છે. આ તો માત્ર મૂર્તિ જ છે. એટલે સરળતાથી તેને લૂંટી શકાશે. તે કોઈ પ્રતિકાર પણ કરી શકશે નહીં. મંદિરમાંથી દર્શનાર્થીઓ ચાલ્યા ગયાં. માત્ર પૂજારી જ હતા. તે પૂજારીના જવાની રાહ જોતો એક ખૂણામાં બેસી રહ્યો. પણ તેને બાંકેબિહારીને લૂંટવાની કોઈ તક જ ન મળી. એટલે તેણે મંદિરના પરિસરમાં સેવા કરવા માંડી. મંદિરના પ્રાંગણની સફાઈ કરે અને નાનું-મોટું કાર્ય કરી સમય વિતાવતો હતો. ચોરની આ સેવામાં ને સેવામાં તો વર્ષો વીતી ગયાં. પૂજારી મંદિર છોડીને જતા નહીં અને તેને બાંકેબિહારીને લૂંટવાની તક મળતી જ નહીં. તે મંદિરની બાજુમાં એક નાનકડી ઝૂંપડી બાંધીને રહેવા લાગ્યો. બાંકેબિહારીને કેવી રીતે લૂંટવા તેની યોજના સતત વિચારતો રહેતો.

એક દિવસ રાતે ઝૂંપડીનું બારણું કોઈકે ખખડાવ્યું. ''કોણ?'' ચોરે પૂછ્યું પણ કોઈ જવાબ ન મળ્યો એટલે ચોર [illegible]. તેણે બારણું ખોલ્યું. સામે સાક્ષાત્ બાંકેબિહારી ઊભા હતા તેમના તમામ શણગાર સાથે. ચોર તો એકીટશે તેમને જોઈ જ રહ્યો. કશું જ બોલી ન શક્યો. આથી બાંકેબિહારી સ્વયં બોલ્યા: ''મને લૂંટવો છે ને. લૂંટ ને''. ચોર તેમનાં ચરણોમાં પડી ગયો. ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો. કહે, ''પ્રભુ, તમે મને સાક્ષાત્ દર્શન આપ્યાં. મને સર્વસ્વ મળી ગયું. મારે કંઈ નથી જોઈતું.'' બાંકેબિહારી સ્મિત કરતાં કરતાં ક્યારે અંતર્ધાન થઈ ગયા તેની ચોરને ખબર જ ન પડી.

કહેવાનું તાત્પર્ય કે સાધુ-સંતોની કથા, પ્રવચન, સાન્નિધ્યનો માણસના અંતર-અસ્તિત્વ પ્રભાવ પડે જ છે. આ કિસ્સામાં ચોરનો ભાવ કેવળ ને કેવળ બાંકેબિહારીને લૂંટવાનો જ તેનો એક માત્ર ઈરાદો હતો. ચોર બાંકેબિહારીના શણગારનું વર્ણન સાંભળી અભિભૂત થયો હતો અને તેણે વૃંદાવનની વાટ પકડી. મંદિરના પરિસરમાં તેણે ઘણો લાંબો સમય ગાળ્યો. તે દરમ્યાન પણ તે બાંકેબિહારીના એકલા પડવાની સતત પ્રતીક્ષા કરતો હતો. ભગવાન તો ખૂબ જ દયાળુ છે. તે રીસથી પણ રીઝે છે અને પ્રીતથી પણ રીઝે છે. ચોરનું ચોરીનું કામ ખોટું તો હતું જ પણ તેને પ્રતીક્ષાનું પાન કરાવી પોતાના દર્શન સ્મરણ સ્વરૂપમાં લીન કર્યો. તે જે એકાંત ઝંખતો હતો તે એકાંત બાંકેબિહારીએ સ્વયં સામે ચાલીને આપ્યું. બાંકે બિહારીના એ સાક્ષાત્કારની પાછળ ચોરનું અનન્ય સ્મરણ હતું. તેનો ભાવ ભલે ચોરીનો હતો પણ તેની પાછળ પણ તેની પ્રતીક્ષા હતી. તેનું સતત ચિંતન હતું. એ ચિંતને મૂર્તિને ચેતનવંતી બનાવી ચોરને કૃતાર્થ કર્યો.

કોઈ આનો અર્થ એવો ન કરે કે આપણે ખોટાં કામ કરતાં રહીશું તો પણ ઈશ્વર દર્શન આપશે. ના, ના... વાત એ નથી. અહીં વાત સતત સ્મરણ, સત્સંગ અને સાન્નિધ્યની છે.

આપણા જીવનમાં આવતી સમસ્યાઓના, સંઘર્ષના નિવારણ માટે આપણે પણ અનન્ય સ્મરણ કરી તેની પ્રતીક્ષા કરીશું તો આપણને તે માર્ગ બતાવશે જ. કોઈ ને કોઈ રીતે આપણને ઉકેલ મળી જ રહેશે. આપણે સ્મરણ ને પ્રતીક્ષાથી માધવના મલ્હારમાં ભીંજાઈએ.

**બાંકેબિહારીના એ સાક્ષાત્કારની પાછળ ચોરનું અનન્ય સ્મરણ હતું. તેનો ભાવ ભલે ચોરીનો હતો પણ તેની પાછળ પણ તેની પ્રતીક્ષા હતી. તેનું સતત ચિંતન હતું**

**માધવ મલ્હાર**
તપન ત્રિવેદી

# ઉષ્ણાંમ્બિકા-ઉનાઈમાં રવિવારે મહોત્સવ

ભ સામૂહિક રીતે ઉજવાતા વ્રત,તહેવાર, ઉત્સવ, જયંતી વગેરે આપણી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાના વારસાને ચિરંજીવ રાખવા સાથે ભક્તિ અને સદભાવ, ભાઈચારાને સુદ્રઢ બનાવે છે. આગામી તા.22મીને ફાગણ સુદ પાંચમ રવિવારે ઉનાઈ માતાના હુલામણા નામે પૂજાતા, જાણીતા 'ઉષ્ણામ્બા' માતાનો સાલગીરી મહોત્સવ તા. 22,23,24 દરમિયાન દક્ષિણ ગુજરાતના છેવાડે આવેલા ઉનાઈ ખાતે ભકિત ઉલ્લાસથી ઉજવાશે. તેમાં ભક્તો મોટી સંખ્યામાં ઉમટશે. મૂળ ઉનાઈના વતની જેઓ સામવેદના પૂર્ણ અભ્યાસી હોવાથી પંડિત ધર્મેશ સામવેદીના હુલામણા નામે ઓળખાતા ધર્મેશ મહારાજે ઉનાઈ માતાના સાલગીરી મહોત્સવ તથા ઉનાઈ માતાની આપેલી સુંદર માહિતી અત્રે રજૂ કરીએ છીએ. તા.22મીને રવિવારથી શરૂ થનારા મહોત્સવ દરમિયાન ભવ્ય શોભાયાત્રા સાથે માતાજીની નગરયાત્રા વર્ષમાં એક વાર નીકળે છે અને ભક્તો માના કૃપા આશીર્વાદ પામી ધન્ય બને છે. ધાર્મિક, સંસ્કૃતિક કાર્યક્રમો અંતર્ગત માતાજીની ચરણપાદુકા પૂજન, નવચંડી યજ્ઞ, ભજન કીર્તન, સત્સંગ, ભકિતનૃત્યો યોજાશે. આખું ગામ માતાજીને થાળ ધરાવી,આરતી કરી માતાજીને રિઝવે છે. ઉનાઈ માતા સાથે અનેક દંતકથા, પુરાણકથા સંકળાયેલી છે. ધર્મેશ સામવેદીના જણાવ્યાનુસાર



'દંડકારણ્યમાં સર્વાંગ ઋષિએ તપ કર્યું હતું અને મા ભગવતી પ્રગટ થયાં. ચોમેર હરિયાળી, વનરાજીના પ્રાકૃતિક સૌંદર્યથી શોભતા દંડકારણ્યના આ વિસ્તારમાં રામચંદ્ર ભગવાન પંચવટી એટલે કે નાસિક વિસ્તારમાં ફરતા ફરતા ગામમાં આવ્યા હતા. અહીંની રામજીની મૂર્તિની વિશેષતા એ છે કે, અન્યત્ર ભગવાન રામની મૂર્તિની બાજુમાં હનુમાનજી બિરાજમાન હોય છે, પરંતુ ઉનાઈ ગામની રામજીની જે મૂર્તિ છે તે મૂછવાળી છે (જે બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે) અને રામજીની સન્મુખ હનુમાનજીની મૂર્તિ છે. ખૂબ જાણીતા રામ રક્ષા સ્તોત્રના 31 મા મંત્રનો ભાવાર્થ એવો છે કે, 'જેની જમણી બાજુએ લક્ષ્મણજી અને ડાબી બાજુએ જનકતનયા સીતાજી અને જેની આગળ પવનપુત્ર હનુમાનજી છે તે શ્રી રઘુકુળના કુમાર ભગવાન રામચંદ્રજીને હું નમસ્કાર કરું છું.' રામજીની સન્મુખ હનુમાનજીની મૂર્તિ છે એટલે અરણ્યમાં ભગવાન રામજીને હનુમાનજી મહારાજ બ્રાહ્મણ સ્વરૂપે મળ્યા હતા એટલા માટે હનુમાન ચાલીસામાં ગોસ્વામી શ્રી તુલસીદાસજીએ કહ્યું છે કે,'કાંધે મુંજ જનેઉ સાજે'. ભગવાન રામ ત્યાંથી નીકળ્યા ત્યારે મા ભગવતીને સ્નાન કરવાનું મન થયું. મંત્ર દ્વારા બાણ મારતા એમાં જે ઉષ્ણ પરપોટા નીકળ્યા એમાં 'ઉનાઈ'-મા પ્રગટ થયા અને શાસ્ત્ર એમ કહે છે કે, 'ગંગા સ્નાને,યમુના પાને,નર્મદા દર્શને,તાપી સ્મરણે.' અંબિકા નદીનો એવો ઇતિહાસ કહે છે કે, 'માતાજીને અંબિકા(માતાજી) નદીનું પાણી લાવી સ્નાન થતું હતું. ગામનું નામ ઉનાઈ- 'ઉષ્ણાંઅંબિકા'નું ધામ. હરિદ્વારમાં જઈએ તો ત્યાં ગંગાજી છે પણ તીર્થ નામ હરિદ્વાર, મથુરામાં યમુનાજી છે પણ તીર્થ નામ મથુરા, ચાણોદમાં નર્મદાજી છે પણ તીર્થ નામ ચાણોદ, સુરતમાં તાપી નદી છે પણ તીર્થ નામ સુરત છે. એક જ ગામ-ધામ એવું છે જેનું નામ પણ માતાજીના નામથી છે. 'ઉષ્ણઅંબિકાયૈ નમઃ' પહેલા અંબિકા(માતા) નદીના દર્શન થાય પછી ઉનાઈ ગામ આવે એટલે ઉનાઈ માતાજી પણ બોલાય અને અંબિકા પણ બોલાય. માતાજીનો મૂળ મંત્ર 'ઉષ્ણ અંબિકાયૈ નમઃ' છે. ઉનાઈમાં ફાગણ મહિનામાં અને ઉત્તરાયણ પર મેળો ભરાય છે. જેમાં આ પ્રદેશમાં વસતા ખેડૂતો, વનવાસીઓ વાંસની ચીજવસ્તુઓ, અનાજ, કઠોળ,ઔષધીય વનસ્પતિઓ, જડી-બુટ્ટીઓ લઈને આવે છે. જે લોકોની કુળદેવી ઉનાઈ માતા છે ત્યાં તે સમાજના લોકો બાધા, બાબરી ઉતારવા આવે છે. ઉનાઈના ગરમ પાણીના ઝરા એટલે કે ઉષ્ણ જળથી સ્નાન કરવાથી તેમ જ અહીંની માટી લગાવવાથી ચામડીના રોગો મટતાં હોવાની પ્રબળ માન્યતા હોવાથી ચામડીના રોગોના દર્દીઓ અહીં વારંવાર આવતા હોય છે. આજુબાજુના રમણીય વિસ્તારમાં પ્રસિદ્ધ શુકલેશ્વર મહાદેવનું મંદિર છે. મોક્ષમાર્ગના આચાર્ય સદગુરુ વલ્લભરામ મહારાજ દ્વારા મોક્ષમાર્ગ ઓમકારની ઉપાસનાનું કેન્દ્ર આ વિસ્તારમાં છે. આ પ્રદેશમાં મોક્ષમાર્ગીઓના ખૂબ મોટી સંખ્યામાં અનુયાયીઓ છે. 'ઈદં ન મમ.'





**અહીંની રામજીની મૂર્તિની વિશેષતા એ છે કે, અન્યત્ર ભગવાન રામની મૂર્તિની બાજુમાં હનુમાનજી બિરાજમાન હોય છે પરંતુ ઉનાઈ ગામની રામજીની જે મૂર્તિ છે તે મૂછવાળી છે અને રામજીની સન્મુખ હનુમાનજીની મૂર્તિ છે**

**ધર્મ મર્મ**
શ્રીજીવ વ્યાસ